# સેન્ટ ઝેવિયર્સનો રમતોત્સવ રોમાંચક યાદગાર બન્યો

ગાંધીનગર, તા. ૧૧

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ સતત ૪૩માં વર્ષે રમતોત્સવ તથા પરેડ યોજી યાદગાર બનાવ્યો હતો. મુખ્ય મહેમાન પદે ડી.પી. જોષી, આઈ.એ.એલ. ડાયરેક્ટર ગુજરાત એનર્જી અને આચાર્ય શ્રી ફાધર હેક્ટર પીન્ટોના હસ્તે ધ્વજ ફરકાવી રમતોત્સવ ખુલ્લો મુકાયો હતો.



રેડ, બ્લ્યુ, યલો, અને ગ્રીન એમ ચાર ગ્રુપમાં વિદ્યાર્થીઓએ ડ્રમનાં તાલે પરેડ કરી રમતોત્સવની શરૂઆત કરાવી હતી. જીવનમાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય માટે રમતનું વિશેષ મહત્ત્વ છે. મુખ્ય મહેમાન શ્રી ડી.પી. જોષીએ જણાવેલ હતું.

એથ્લેટીક્સને મહત્ત્વ અપાય છે. લાંબો કૂદકો, ઊંચો કૂદકો, શોટ પુલ, દોડમાં છોકરાં છોકરીઓ હરિયાઈ કરી હતી.

પ્રાથમિક વિભાગમાં સ્લો સાયકલિંગ, બટનીંગ શર્ટ, પોટેટો રેસ, સેક રેસ, લીંબુ-ચમચો, કેરીંગ ફ્રેન્ડ્સ, વેજીટેબલ બાસ્કેટ, થ્રી લેગ સ્કીપીંગ રમતો યોજાઈ હતી.

વ્યાયામ શિક્ષક શ્રી કિરણભાઈ આચાર્ય, ફાધર હેક્ટરે ભારે જહેમત લીધી હતી. પરિણામે રાજ્યકક્ષાની હરિફાઈ હોય તેવું દૃશ્ય સર્જાયું હતું.

વિજેતાઓને મેડલ અને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

રમતોત્સવમાં જયરાજસિંહ સરવૈયા, મોરબીના ડિસ્ટ્રીક્ટ જજ પાયોડે, ડૉ. રાજવીર, ડૉ. ભાવે, આશાબેન સરવૈયા, સંજય થોરાત, મનોજ શુક્લ વગેરે હાજરી આપી હતી.

# સેક્ટર-૫ ઘરફોડ ચોરીમાં ઝડપાયેલા આરોપીઓને બે વર્ષની કેદ

## સે-૫/એ નાં બંધ મકાનનું તાળું તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત ૧૦ લાખની ચોરી કરી હતી

ગાંધીનગર, તા.૧૧

સેક્ટર-૫/એ માં બંધ મકાનનું તાળું તોડી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ સહિત રૂપિયા ૧૦ લાખની મતાની ચોરી કરવાના ગુનામાં પકડાયેલા બે આરોપીઓને ગાંધીનગર કોર્ટે બે વર્ષની સજા ભોગવવા હુકમ કર્યો.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તારીખ ૨૯ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ સેક્ટર-૫એ પ્લોટ નં. ૧૨૬૩માં રહેતા નિરજભાઈ નરપતભાઈ વડોદરા ગયા હતા. બીજી તરફ તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. આરોપી ટીના રામાભાઈ બજાણીયા અને રાકેશ અમૃતભાઈ બજાણીયા (રહે. મહેસાણા જિલ્લા) એ તકનો લાભ ઉઠવી બંધ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. આરોપીએ ઘરની અંદર રહેલ તિજોરી સહિત અન્ય સરસામાન ફંફોસીને સોના-ચાંદીના કિંમતી દાગીના ઉપરાંત રોકડ મતા સહિત રૂપિયા ૧૦,૧૨,૯૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. બીજા દિવસે ઘર ખુલ્લુ જોઈને ચોકી ઉઠેલા પડોશીએ બનાવ સંદર્ભે નીરજભાઈને ફોન મારફતે જાણ કરી હતી. ચોરીના આ બનાવ અંગે તેમણે સેક્ટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ડૉગ સ્કવૉડ અને એફ.એસ.એલ.ની મદદથી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

આ કેસ સંદર્ભે એલ.સી.બી. પોલીસે વધુ તપાસનો દોર હાથ ધર્યો હતો. આ દરમ્યાન હિંમતનગર પોલીસે ચોરીના હાર સાથે આરોપી ટીના બજાણીયાને ઝડપી લીધો હતો. જ્યારે આરોપીના ફિંગર પ્રિન્ટ તપાસ અર્થે એફ.એસ.એલ.માં મોકલાતા સેક્ટર-૫માં થયેલ ઘરફોડ ચોરીમાં પણ આજ ગુનેગારનો હાથ હોવાની હકીકત બહાર આવી હતી. આરોપીઓ પોલીસના સકંજામાં આવી ગયા હતા. આ કેસ ગાંધીનગરની છઠ્ઠા એડીશનલ ચીફ જ્યુ. મે.જી.ની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે કે.જી. વાઘેલાએ દલીલો કરી હતી. જે દલીલો તેમજ પૂરાવાઓને ધ્યાને લઈ જજ એમ.પી. ચૌધરીએ આ કેસના બંને આરોપીઓને બે વર્ષની સજા ભોગવવા હુકમ કર્યો હતો. અને આરોપીઓને રૂપિયા બે હજારનો દંડ તેમજ દંડ ન ભરે તો વધુ ૩૦ દિવસની સજા ભોગવવા કોર્ટે આદેશ કર્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૪

સૂર્યાસ્ત : ૫.૫૨

## તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૩૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
લાઈફ ઑફ પાય(હિન્દી) : ૧૧.૧૫
ખેલાડી ૭૮૬ : ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ખેલાડી : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦
તલાશ : ૧૨.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૨.૩૦, ૯.૩૦
તલાશ : ૪.૦૦, ૬.૪૫

: સ્ક્રીન-૪ :
તલાશ : ૧૦.૦૦
સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૩૦
જબ તક હૈ જાન : ૬.૧૫
ખેલાડી : ૯.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૯.૦૦, ૧૦.૧૫
તલાશ : ૧૧.૪૫, ૫.૦૦
લાઈફ ઑફ પાય(હિન્દી) ૩-ડી : ૨.૩૦, ૭.૪૫

: સ્ક્રીન-૨ :
તલાશ : ૯.૪૫
ખેલાડી ૭૮૬ : ૧૨.૪૦, ૩.૨૦, ૬.૦૫, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
ખેલાડી : ૧૦.૦૦
તલાશ : ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

: સ્ક્રીન-૪ :
ખેલાડી ૭૮૬ : ૧૧.૨૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦
તલાશ : ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ખેલાડી ૭૮૬ : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
તલાશ : ૧૦.૩૦, ૧.૧૫, ૧૦.૧૫
સન ઑફ સરદાર : ૪.૧૫, ૭.૧૫

### ચિરાગ, કલોલ

ખેલાડી ૭૮૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આર્થિક ક્ષેત્રમાં વિશેષ નાણાંકીય સમસ્યાઓ પર ચિંતન. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

# ખાટલામાં સુતેલા ખેતર માલિકની તિક્ષ્ણ હથિયાર મારી કરપીણ હત્યા

## ઈસનપુર મોટા ગામની ઘટના : અદાવતમાં મર્ડર થયાની આશંકા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા ઈસનપુર મોટા ગામની સીમમાં ટામેટાના ખેતરમાં રાત્રે સુતેલા ખેતર માલિકને કોઈ શખ્સોએ માથાના ભાગે કોઈ તિક્ષ્ણ હથિયારનો ફટકો મારી મોતને ઘાટ ઉતારી દીધાની ચકચારી ઘટના બનવા પામી છે તે ખેતર પાસેથી વહેલી સવારે નીકળેલા મજુરે ખાટલા નીચે લોહી ટપકતું જોઈને પરિવારજનોને જાણ કરી હતી. કોઈ શખ્સો તેમનું મર્ડર કરી ફરાર થઈ ગયા હતાં. પંદરેક દિવસ પહેલા ગામનાં જ કેટલાક શખ્સો સાથે તેમને માથાકુટ થઈ હતી. આ મર્ડરમાં તે લોકોનો જ હાથ હોવાની શંકા મૃતકના પરિવારજનોએ વ્યકત કરી છે. ચિલોડા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી હત્યારાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર પાસેના ઈસનપુર મોટા ગામમાં રહેતા ૫૫ વર્ષીય કાલીદાસ બબુદાસ પટેલને ગામની સીમમાં જ ટામેટાનું ખેતર છે. ગઈ રાત્રે તેઓ ખેતરમાં ગયા હતા અને સવારે ખેતરમાં જ ખાટલામાં તેઓ મૃત હાલતમાં મળી આવ્યા હતા. રાત્રિના સમયગાળામાં કોઈ શખ્સોએ તેમના ખેતરમાં ઘુસીને કોઈ ધારદાર હથિયાર વડે કાનની પાછળ માથાના ભાગે જોર દઈને એક ફટકો મારી કાન સાથે માથું ફાડી નાંખી મર્ડર કરી નાંખવામાં આવ્યું હતું. વહેલી સવારે એક મજુર ખેતર પાસેથી નિકળ્યો હતો. કાલીદાસ જે ખાટલામાં સુતા હતા ત્યાંથી નીચે લોહી ટપકતું જોયું. નજીક જઈને કાલીદાસને ઉઠાડવા પ્રયત્ન કર્યો પરંતુ તે મૃત્યુ પામેલા હતા. તાત્કાલીક તે મજુરે પરિવારજનોને જાણ કરીને બોલાવી લીધા હતા. આ બનાવ અંગે મૃતકના પુત્ર તુષારની ફરિયાદને આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. ઉલ્લેખનીય છે કે તુષારે ફરિયાદમાં મોહનજી સવાજી ઠાકોર અને દાતાજી છગનજી ઠાકોર નામના ગામનાં જ બે શખ્સો પર શંકા વ્યકત કરી છે. પંદરેક દિવસ પહેલા શંકમંદ પૈકીના મોહનજી ઠાકોરની દિકરી કાલીદાસના ખેતરમાં ટામેટા લેવા ગઈ હતી ત્યારે મારઝુડ કરી હતી. જે અંગે જાણવાજોગ પણ દાખલ થઈ હતી તે અદાવતને ધ્યાને રાખીને હત્યા થઈ હોવાની શંકા વ્યકત કરી છે. ચિલોડા પી.આઈ. બી.સી. ઠકકરે તે દિશામાં પણ તપાસ શરુ કરી છે.

# પ્રજાસત્તાક દિન પરેડ દિલ્હીમાં અશ્વીનભાઈ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓની પસંદગી

ગાંધીનગર, તા.૧૧





અશ્વીનભાઇ એ. પટેલ કોમર્સ કોલેજના અજુડિયા જયકિશન સી. અને ગ્રીષ્મા પટેલની પ્રજાસત્તાક દિવસની દિલ્હી ખાતેની પરેડ માટે રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ હેઠળ ગુજરાતમાંથી ૬૨ વિદ્યાર્થીઓ પસંદ પામ્યા છે. તેમાં કડી વિશ્વ વિદ્યાલયની અશ્વિનભઆઇ એ. પટેલ કોમર્સ કોલેજના બે વિદ્યાર્થીઓ પસંદ થયા છે. કોલેજ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યાં છે. પ્રા. રણછોડભાઇ રથવીએ માર્ગદર્શન આવેલ હતું.

# દરેક વાહનમાલિકોના ઘરે ટ્રાફીક અવેરનેસનું પેમ્ફલેટ પોસ્ટ કરાશે

## ટ્રાફીક નિયમન માટે નવો નુસ્ખો : આર.ટી.ઓ.માંથી વાહનમાલિકના સરનામાની યાદી મંગાવાશે

ગાંધીનગર, તા.૧૧

જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફીક અવેરનેસ માટે અવારનવાર કેમ્પ તથા ડ્રાઈવ રાખવામાં આવતી હોય છે તેમ છતાં ટ્રાફીકના નિયમોની વાહનચાલકો ઐસી કી તૈસી કરતાં પોલીસના હાથે ઝડપાય છે. જિલ્લાના વાહનચાલકોમાં ટ્રાફીક નિયમન અંગે જનજાગૃતિ વધુ ફેલાય તે આશયથી ટ્રાફીક પોલીસે નવો નુસખો અજમાવ્યો છે. આર.ટી.ઓ.માંથી જિલ્લામાં જેટલા વાહનો રજીસ્ટર થયા છે તે તમામના માલિકોના સરનામા મેળવીને ટ્રાફીક અવેરનેસનું પેમ્ફલેટ જિલ્લા ટ્રાફીક પોલીસ પોસ્ટ કરશે અને નવી પધ્ધતિથી ટ્રાફીક અવેરનેસ કરશે.

જિલ્લા ટ્રાફીક પોલીસે ગાંધીનગર જિલ્લાના વાહન ચાલકોને ટ્રાફીકના નિયમો તથા તેના નિયમન વિશે માહિતગાર કરવા નવો કિમીયો અપનાવ્યો છે. વાહનચાલકો માટે ઠેર ઠેર ટ્રાફીક અવેરનેસ કેમ્પ અને ટ્રાફીક ડ્રાઈવ બાદ હવે ટ્રાફીક અવેરનેસના પેમ્ફલેટ ઘરે ઘરે પોસ્ટ કરવામાં આવશે. જિલ્લા ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતના જણાવ્યા મુજબ આર.ટી.ઓ. કચેરીમાંથી ગાંધીનગર જિલ્લામાં રજીસ્ટર થયેલા વાહનોના માલિકોના સરનામાનું લીસ્ટ મંગાવવામાં આવશે અને એ સરનામાના લીસ્ટ પ્રમાણે દરેક વાહનમાલિકોના ઘરે ટ્રાફીક અવેરનેસનું પેમ્ફલેટ પોસ્ટ કરવામાં આવશે.

# બ્લડ કેમ્પમાં વડીલોએ ઉત્સાહભેર રકતદાન કર્યું

## ન્યાયાધીશો, વકીલો સહિત કોર્ટના કર્મચારીઓ રકતદાનના ઉમદા કાર્યમાં જોડાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર ડીસ્ટ્રીકટ બાર એસોસીએશન દ્વારા જિલ્લા કાનુની સત્તા મંડળ તેમજ અમદાવાદ સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકના સહયોગથી કોર્ટના બાર રૂમમાં રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ન્યાયાધીશો અને વકીલો સહિત કોર્ટ કર્મચારીઓએ રકતદાન કર્યું હતું. આ કેમ્પમાં અંદાજીત ૫૦ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ડીસ્ટ્રીકટ બાર એસોસીએશનનાં પ્રમુખ સલીમ યુ. મોદને આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે બાર રૂમમાં યોજાયેલા આ રકતદાન કેમ્પમાં ડીસ્ટ્રીકટ જજ જી.કે. ઉપાધ્યાય, જજ જે.એન. ઠકકર, આર.બી. મારફતીયા, એમ.પી. ચૌધરી, સી.એમ. અધ્યારૂ, વિ.એ. બુધ્ધા ઉપરાંત કોર્ટ સંકુલના વકીલો તેમજ કર્મચારીઓએ પણ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું. આ રકતદાન શિબિરમાં કુલ ૮૫ વ્યકિતઓએ ભાગ લીધો હતો. આ પૈકી ૨૭ જણા રકતદાન કરવા સક્ષમ ન હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. શિબિર દરમિયાન ૫૮ વ્યકિતઓએ રકતદાન કર્યું હતું. જયારે અંદાજીત ૫૦ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું. આ રકતદાન શિબિરને સફળ બનાવવા ડિસ્ટ્રીકટ બારના ચિંતન ત્રિવેદી, મુકેશસિંહ ડાભી, ધવલ મહેતા, ભરત ચૌધરી, જગદીશ સોલંકી, કમલેશ સાધવાણી, હિતેષ બી. રાવલ, અનિલ એમ. આસોદિયા સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# જે.એમ.ચૌધરી વિદ્યાલયની ચાર બાળાઓને સ્કાઉટ ગાઈડ પુરસ્કાર એનાયત

ગાંધીનગર, તા. ૧૧

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગાંધીનગરની ચાર વિદ્યાર્થીઓને સ્કાઉટ ગાઈડ રાજય પુરસ્કાર રાજયપાલ શ્રીમતી કમલા બેનીવાલના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. પરીખ ધારા. એલ., મીઠાર બીનલ જે., ગૌસ્વામી કિષ્ના. એચ., ધમલાત શીતલ બી. એ શાળાનું ગૌરવ વધારેલ છે.

શિક્ષક શ્રી હેતલબેન મોહનલાલ દેસાઈને સ્કાઉટ ગાઈડ રાજય સંઘ દ્વારા મેડલ ઑફ મેરિટ એવોર્ડ રાજયપાલશ્રીનાં હસ્તે પ્રાપ્ત થયેલ છે. આચાર્યા શ્રી સંતોકબેન ચૌધરીએ એવોર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરથી અન્નપૂર્ણા માતાજીની ભવ્ય પદયાત્રા નિકળશે

ગાંધીનગર, તા.૧૧



છેલ્લા સત્યાવીસ વર્ષથી અન્નપૂર્ણા પદયાત્રાનું સફળ આયોજન કરનાર ગાંધીનગર અન્નપૂર્ણા માતાજી પદયાત્રા સંઘ ચાલુ વર્ષે ૨૮માં વર્ષમાં પ્રસ્થાન કરશે. સંઘ દ્વારા તા. ૨૬મી ડિસેમ્બર ૨૦૧૨ને બુધવારે સવારે ૬ કલાકે ૨૫, વિરાટનગર સોસાયટી, સેક્ટર-૨૩ ગાંધીનગરથી અંબાસણ તરફ ભવ્ય પદયાત્રા પ્રસ્થાન કરશે અને તા. ૨૮મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ અન્નપૂર્ણા માતાજીના શિખરે ધજા અર્પણ કરવામાં આવશે. સદર પદયાત્રા સંઘમાં જોડાવવા ઈચ્છતા ભાવિકોએ પોતાના નામ નોંધાવવા પાયલ કલરલેબ સેક્ટર-૧૬, ૨૩૨૩૦૬૫૨, દિનેશભાઈ ત્રિવેદી, સેક્ટર-૩૦, ૯૮૭૯૧૮૧૧૨૯ અને ઋષિભાઈ જાની, પેથાપુર ૯૯૨૫૭૮૯૫૮૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# કે.કે. પટેલ વિદ્યાલય ખાતે એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓની વાલી ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૧

કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલય ખાતે એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ માટે આચાર્યાશ્રી ભાવનાબા એ. વાઘેલાના અધ્યક્ષપણા હેઠળ 'વાલી ચિંતન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦ જેટલા વાલીઓએ હાજર રહીને સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપી હતી. પ્રાર્થના અને સ્વાગત બાદ શાળાના આચાર્યાએ વિદ્યાર્થીઓના વાલીઓને પરિણામમાં સુધારાલક્ષી અભિગમ કાર્યક્રમમાં શાળાની સાથે રહીને ઉચ્ચ કારકર્દીમાં મદદરૂપ થવા માટે સુંદર છણાવટ કરી હતી. શાળાના સુપરવાઈઝર ચીનુભાઈ પટેલે શાળાની પ્રવૃત્તિઓનો પ્રગતિ અહેવાલ આપ્યો હતો. શાળાના શિક્ષક નારાયણભાઈ પટેલે વિદ્યાર્થીઓના અભ્યાસલક્ષી કાળજી અંગે સમજૂતી આપી હતી. અંતે આભાર વિધિ ગિરીશભાઈ પટેલે કરી હતી. સમગ્ર શાળા પરિવારે સાથ અને સહકારથી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

# ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજમાં મતદાન જાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા. ૧૧

ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા મતદાતાઓમાં જાગૃતિ લાવવાના હેતુથી 'ભારતની ચૂંટણી પ્રક્રિયા અને મતદાનનું મહત્ત્વ' પર ઇતિહાસના નિષ્ણાંત ડો. કિરણભાઇ દવેનાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. ડો. બિંદુબહેન ભટ્ટ દ્વારા યુવા મતદારો તટસ્થ મતદાન કરાવવા માટે ૬૦ યુવાનોએ શપથ લીધા હતા. મતદાર જાગૃતિ અભિયાનના પોસ્ટર્સનું પ્રદર્શન યોજેલ હતું. પ્રા. બાબુભાઇ તથા ડો. રૂપાબહેન ચાવડા ઉપસ્થિત રહીને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ભારતીબેન પ્રજાપતિએ સમગ્ર સંચાલન કરેલ હતું.

# સગા ભાઈનું ખૂન કરનાર ભાઈ સહિત ત્રણની ધરપકડ

## મજુરીના રૂ. ૨૫ લેવાની બાબતે દાંતી અને લાકડી મારી મર્ડર કર્યું હતું

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર પાસે આવેલા સરઢવ ગામના દંતાલી વાસમાં ગઈ કાલે મજુરીના રૂપિયા લેવાની નજીવી બાબતે લાકડી અને દાંતી વડે સગા ભાઈની હત્યા કરી દેવાની ઘટના બનવા પામી હતી. આ બનાવ અંગે તપાસ કરીને પેથાપુર પોલીસે હત્યારા ભાઈ તથા તેના બે દિકરા મળી ત્રણેય શખ્સોની ધરપકડ કરી ઈન્ટ્રોગેશન શરુ કર્યું છે.

સરઢવ ગામમાં રહેતા સંપતભાઈ સુરાભાઈ દંતાણીના ઘરે તેના સગાભાઈ નગીન દંતાણી અને નગીનના બે પુત્રો સંજય અને રાકેશ મજુરીના રૂ. ૨૫ લેવા ગયા હતાં. સંપતભાઈના જમાઈના પાસેથી લેવાના નિકળતા રૂપિયા લેવા પહોંચેલા નગીનને પોતાના સગાભાઈ સંપત સાથે માથાકુટ થવા પામી હતી. જે અદાવત રાખીને ગઈ કાલે બપોરના સુમારે નગીન તેના બે દિકરાઓને લઈને સગા ભાઈ સંપતના ઘરે પહોંચી ગયો હતો અને લાકડીઓ તથા ધારદાર દાંતીના ઘા ઝીંકીને સંપતને મોતને ઘાટ ઉતારી દઈ ત્રણેય શખ્સો ફરાર થઈ ગયા હતાં. પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈ. એચ.આર. કુવાડિયાએ આ ગુનાની તપાસ શરુ કરીને ત્રણેય આરોપીઓની આજે ધરપકડ કરી લીધી છે અને સઘન પુછપરછ શરુ કરી છે.

# ચૌધરી મહિલા બીસીએ કોલેજમાં રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સેક્ટર-૭ સ્થિત ચૌધરી બી.સી.એ. કોલેજમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ઈનડોર અને આઉટડોર રમતો તથા સ્પર્ધાઓ યોજાઈ હતી.

આ રમતોત્સવમાં દોડ, ખોખો, કબડ્ડી, ક્રિકેટ, ગોળાફેંક, લાંબીકૂદ, બેડમિન્ટન, કેરમ, ટેબલટેનિસ જેવી વિવિધ રમતો અને સ્પર્ધામા વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું કૌશલ્ય પ્રદર્શીત કર્યુ હતું. વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે કોલેજના ટ્રસ્ટી પ્રમુખ એમ.કે. ચૌધરી તથા ડાયરેક્ટર પ્રશાંત વાઘેલા હાજર રહ્યા હતા.

આ સમગ્ર રમતોત્સવનું આયોજન કોલેજના અધ્યાપિકા જહાન્વી પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

# મતદાન માટેની મતદાર કાપલી મતદારોના ઘરે ઘરે વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૧

આગામી તા. ૧૭મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતદાર વિભાગની ચૂંટણીનું મતદાન યોજાનાર છે. જે અંતર્ગત ભારતના ચૂંટણી પંચ તરફથી જ મતદાર કાપલી મતદારોને આપવાનું નક્કી કર્યું છે. તમામ મતદારોને પાંચ વિધાનસભા મત વિભાગના ચૂંટણી અધિકારી તરફથી બુથ લેવલ ઓફિસર મારફતે કાપલીનું ઘરે ઘરે વિતરણ કરવામાં આવશે. મતદારોએ આ મતદાર કાપલી લઈને મતદાન મથકે જવાનું રહેશે તે ઉપરાંત મતદારો મતદાર ફોટો ઓળખકાર્ડ ન હોય તો પણ ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવેલ પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, ઈન્કમટેક્ષ પાન કાર્ડ, રાજય સકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો, સ્થાનિક સ્વરાજયની સંસ્થા અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવતા ફોટો સાથેના ઓળખકાર્ડ, પબ્લીક સેન્ટર બેન્કો અને પોસ્ટ ઓફિસો દ્વારા આપવામાં આવેલ ફોટો સાથેની પાસબુક અને કિસાન પાસબુક તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ અથવા તે પહેલા ખાતું ખોલાવેલ હોય) જેવા અન્ય ૧૪ વૈકલ્પિક દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરીને પણ મતદાન કરી શકશે.